Extra No. 274

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 25, 2025 / ASVINA 3, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-તારાપુર-યુનીટ-૮-૨૦૨૫

તારાપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની(જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ની પેટા કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૪માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા KV/187 of 2025/UDUHD/npl/MPMLA/18/2023/9078/M તા.31/05/2025 થી આણંદ જિલ્લામાં આવેલ તારાપુર ગ્રામ પંચાયતને તારાપુર નગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવેલ.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક KV/218 of 2025/UDUHD/npl/MPMLA/18/2023/9078/M, તા.07/07/2025 થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તારાપુર શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ ની વસ્તીગણતરીના આંકડાના આધારે તારાપુર નગરપાલિકાને ૬ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૪ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ-૭ની પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/218 of 2025/UDUHD/npl/MPMLA/18/2023/9078/M, તા.07/07/2025 થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૭૯૯૪ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૬ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૯૯૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, વોર્ડ નં. ૪ માં સરેરાશ વસતી કરતા ૧૬.૨૧ % ઓછી વસતી (ઘટ) છે. અન્ય બાકીના વોર્ડમાં સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૬ વોર્ડોનું નિયમ-૩ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે. તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉત્તરતો ક્રમ નક્કી કરી ઉત્તરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત જાતિ માટે અનામત કુલ ૧ બેઠક (શૂન્ય તે વર્ગની સ્ત્રી બેઠક સહિત)રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૬ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૫	૩૧૧૮	૪૨૦	૧૩.૪૭%
૨	૩	૩૨૯૩	૨૭૫	૮.૩૫%
૩	૬	૩૧૯૪	૧૧૮	૩.૬૯%
૪	૨	૩૦૬૭	૧૦૩	૩.૩૫%
૫	૧	૨૮૦૯	૦૦	૦૦
૬	૪	૨૫૧૩	૦૦	૦૦
કુલ		૧૭૯૯૪	૯૧૬	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	ફાળવેલ બેઠક
૧	૧	૫	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો અનામત રાખવામાં આવેલ નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૬ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૩ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૧૭. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૬ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે અને ૬ બેઠકો પૈકી ૩ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. તારાપુર નગરપાલિકાના સૂચિત ૬ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૨૮૦૯	૧૯૯૬	૭૧.૦૫ %
૨	૫	૩૧૧૮	૧૮૪૨	૫૯.૦૭%

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૩	૬	૩૧૯૪	૧૬૫૬	૫૧.૮૪ %
૪	૩	૩૨૯૩	૧૪૨૧	૪૩.૧૫ %
૫	૪	૨૫૧૩	૧૦૪૬	૪૧.૬૨ %
૬	૨	૩૦૬૭	૧૨૭૨	૪૧.૪૭ %
કુલ		**૧૭૯૯૪**	**૯૨૩૩**	

૧૮. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉત્તરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં.૧ થી ૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નં.	ફાળવેલ બેઠક
૧	૧	૧	પછાતવર્ગ
૨	૨	૫	પછાતવર્ગ સ્ત્રી
૩	૩	૬	પછાતવર્ગ
૪	૪	૩	પછાતવર્ગ સ્ત્રી
૫	૫	૪	પછાતવર્ગ
૬	૬	૨	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને તારાપુર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧ . આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરીક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ તારાપુર નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-તારાપુર-યુનીટ-૮-૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫નું બીડાણ

અનુસૂચિ-૧

તારાપુર નગરપાલિકા, જિલ્લો આણંદ

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૨૪	૦૦	૦૦	૬૮૬	૧ થી ૧૩૭	મોટું તળાવ વિસ્તાર, ખંભાત રોડ, નાની ચોકડી વિસ્તાર, અંબિકા રાઈસ મીલ, ગોપાલક સોસાયટી
	૧૨૫	૦૦	૦૦	૭૩૬	૧ થી ૧૬૯	મોરજ રોડ વિસ્તાર, રણછોડરાય સોસાયટી પાછળનો વિસ્તાર, શિવશક્તિ પાર્ક, રાધાબાગ સોસાયટી, શુકન બંગ્લોઝ, સ્વપ્ન મહેલ સોસાયટી
	૧૨૯	૦૦	૦૦	૫૯૧	૧ થી ૨૩૫	કૃષ્ણનગર સોસાયટી, ભક્તિનગર, શિવશક્તિ (સંતોષનગર સોસાયટી)
	૧૩૦	૦૦	૦૦	૭૯૬	૧ થી ૨૪૩	રાઈસ મિલ, સિંચાઈ ઓફિસ, ભરવાડની જોક, હોટલ શ્રીનાથ, હોટલ લક્ષ્મી, હોટલ રાજ, મોહન પુરા, ગાડીયાપરુ, ચામુંડા મંદિર

વોર્ડ નં.૧ની હદનું વર્ણન.

રેવન્યુ સર્વે નંબર ૨૮૮ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ દિશા તરફ મોજે સીંજીવાડા ના સીમાડે આવેલ તારાપુરના રેવન્યુ સર્વે નંબર ૨૮૭ થી પૂર્વ તરફ સર્વે નં.૨૮૪ થી પૂર્વ તરફ સર્વે નં.૨૮૩ થી પૂર્વ તરફ સર્વે ન.૨૮૦ થી પૂર્વ તરફ સર્વે નં.૨૭૭/બ થી તારાપુર રોડ તરફ દક્ષિણ દિશા તરફ રોડની ધારે ધારે દક્ષિણ દિશા તરફ સર્વે ન.૨૭૭ થી ૨૭૬, ૨૯૦ થી ૩૧૨ થી ૩૩૮ થી ૩૪૨ થી ૩૬૨ થી ૩૬૪ થી ૩૬૫ થી ૩૬૬ થી ૩૯૨/પૈકી થી ૪૭૭ થી ૪૭૬/પૈકી થઈ મોટી ચોકડી થી પૂર્વ તરફ બોરસદ હાઈવેની સમર્માતર દક્ષિણ તરફના સર્વે નં.૪૭૧/પૈકી થી ૪૭૨ થી ૪૬૨ થી ૪૫૭ થી ૪૫૮, ૪૩૨, ૪૩૩, ૪૫૨ ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ નેરીયા રસ્તાની ધારે ધારે સર્વે ૪૫૧ થી દક્ષિણ તરફ ધારે ધારે થઈ ઉત્તર દિશા તરફ સ્તાની સામેની બાજુ ઈશાન ખૂણાથી સર્વે ન.૮૭૧ થી ૮૭૦ થી ૮૬૭ થી પૂર્વ તરફ સર્વે નં.૮૬૬ થઈ ૮૬૫ થી પૂર્વ તરફ સર્વે ન.૮૭૯ થી પૂર્વ તરફ સર્વે નં. ૮૮૬ થી સર્વે નં. ૮૮૭ થી ૮૮૯ થી પૂર્વ તરફ સર્વે નં.૮૯૦ થી પૂર્વ તરફ સર્વે ને ૯૦૦ તળાવની ધારે ધારે ઈશાન ખૂણા થી તળાવની ધારે ધારે દક્ષિણ તરફ અગ્નિ ખૂણા સુધી અને સર્વે નં.૧૧૦૯ નેરીયા રસ્તાથી દક્ષિણ તરફ સર્વે નં.૧૧૧૦, ૧૧૧૩, ૧૧૧૪, ૧૧૧૭, ૧૧૧૮ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં. ૧૧૩૨, ૧૧૩૯, ૧૧૩૮, ૧૧૪૦, ૧૧૮૦, ૧૧૮૧ થી નૈઋત્ય ખૂણા તરફ નેરીયા રસ્તાની ધારે ધારે સર્વે નં.૧૧૮૨, ૧૧૯૯, ૧૨૦૦/પૈકી, ૧૨૦૧ થઈ કેનાલની સામેની બાજુ સર્વે નં.૧૯૫૧ ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ સર્વે ન.૧૯૬૪ ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ નેરીયા રસ્તા/કેનાલની ધારે ધારે સર્વે ન.૧૯૫૪, ૧૯૫૫, ૧૯૩૩, ૧૯૩૨/પૈકી થઈ દક્ષિણ તરફ સર્વે ન.૧૮૬૧ થી ૧૮૬૩/પૈકી થી ૧૮૬૪/પૈકી થી ૧૮૬૫ પૈકી થઈ નેઋત્ય ખૂણા તરફ સર્વે નં.૧૮૫૧/પૈકી થી સર્વે નં ૧૮૪૮ ના અગ્નિ ખૂણે થઈ સર્વે ને ૧૮૪૯ થી સર્વે નં. ૧૮૦૭ થી ૧૮૦૦ થી ૧૮૦૧/પૈકી થઈ સર્વે નં. ૧૭૯૪ ના અગ્નિ ખૂણેથી થઈ સર્વે નં.૧૭૯૪/પૈકી ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા મોજે-ઉટવાડા ના સીમાડે સીમાડે થઈ સર્વે નં.૧૭૭૧, ૧૭૭૦, ૧૭૬૭, ૧૭૬૬, ૧૭૬૫ થી ૧૭૬૨ થી નેરિયા રસ્તે થઈ પશ્ચિમ દિશા તરફ સર્વે નં. ૧૬૯૧, ૧૬૯૨, ૧૬૯૦+૧૬૯૧/પૈકી થઈ રસ્તાની પેલે પાર સર્વે નં.૧૬૮૯ થી ઉત્તર તરફ નેરિયા રસ્તો તરફ થઈ પશ્ચિમ દિશા તરફ મોજે-ઉટવાડા ના સીમાડે સીમાડે પશ્ચિમ દિશા તરફ સર્વે નં.૧૬૫૬, ૧૬૫૫, ૧૬૫૧, ૧૬૫૨, ૧૬૫૩ થઈ સર્વે નં.૧૬૫૦ તળાવ ની ધારે ધારે થઈ સર્વે નં.૧૬૪૧ થી પશ્ચિમ દિશા તરફ સીમાડે સીમાડે સર્વે નં.૧૬૪૦, ૧૬૩૯, ૧૬૧૧, ૧૬૧૦, ૧૬૦૯, ૧૬૦૮, ૧૬૦૦ થઈ પશ્ચિમ દિશા તરફ સર્વે નં.૧૫૯૯, ૧૫૯૫, ૧૫૯૪, ૧૫૯૩ થઈ ઉત્તર તરફ થઈ પશ્ચિમ દિશા તરફ સર્વે ન.૧૫૮૮, ૧૫૮૭,

૧૫૮૬, ૧૫૭૬, ૧૫૭૫ થઈ સર્વે ન.૧૫૭૪થી ઉત્તર દિશા તરફ સર્વે નં. ૧૫૬૧ થી પશ્ચિમ દિશા તરફ સર્વે ન.૧૫૬૦, ૧૫૫૦, ૧૫૪૯, ૧૫૪૮, ૧૫૪૭, ૧૫૪૫, ૧૫૪૦, થી ઉત્તર તરફ સર્વે નં ૧૫૩૯ થઈ પૂર્વ દિશા તરફ મોરજના સીમાડે સીમાડે સર્વે ન ૧૫૨૫ થી સર્વે નં. ૧૫૨૪, ૧૫૨૩, ૧૫૨૨, ૧૫૧૮, ૧૫૧૭ થઈ ઈશાન ખૂણા મોરજના સીમાડે સીમાડે સર્વે નં.૧૫૧૧, ૧૫૦૯, ૧૫૦૭ થઈ કેનાલ તરફ થી ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૫૦૨ થી મોરજના સીમાડે આવેલ સર્વે નં ૧૫૦૧, ૧૫૦૦, ૧૪૦૫, ૧૪૦૪, ૧૪૦૩, ૧૪૦૨, ૧૪૦૧, ૧૪૦૦, ૧૩૯૯, ૧૩૯૮ થી ઉત્તર દિશા તરફ સર્વે નં ૧૦૧૮, ૧૦૧૭, ૧૦૧૬, ૧૦૧૫, ૧૦૦૬. થઈ સર્વે ન. ૧૦૦૪, ૧૦૦૨ થી મોજે ઈસરવાડા ના સીમાડે સીમાડે ઉત્તર દિશા તરફ સર્વે નં.૭૩૩, ૭૩૨, ૭૩૦, ૭૨૫, ૭૧૮, ૭૧૭, ૭૦૧, ૭૦૦ થી ઉતર તરફ સર્વે નં.૬૬૬, ૬૬૫, ૬૬૦, ૬૫૯, ૫૮૬, ૫૮૫, ૫૮૪, ૫૭૧ થઈ નેરીયા રસ્તાની ઉત્તર તરફ મોજે ઈસરવાડા ના સીમાડે સીમાડે સર્વે નં.૫૬૩, ૫૬૨ પૈકી થી ઉત્તર તરફ સર્વે નં.૫૬૨, ૫૩૪, ૫૩૩, ૫૩૨, ૫૩૧ થઈ મોજે પરીયેજ ના સીમાડે સીમાડે સર્વે નં ૫૩૧ ના ઈશાન ખૂણેથી પૂર્વ તરફ સર્વે નં. ૫૩૦, ૫૨૮ થી દક્ષિણ તરફ સર્વે ન ૫૨૫ પૈકી થઈ પૂર્વ તરફ સર્વે નં. ૫૨૪, ૫૨૩ના ઈશાન ખૂણેથી ઉત્તર તરફ સર્વે ન ૨૮૯/પૈકી થઈ કેનાલ ની પેલે પાર સર્વે નં.૨૮૯ થી ૨૮૮ સુધીનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૩૧	૦૦	૦૦	૮૯૭	૧ થી ૧૯૧	રાજવાપરુ, વાટાનો સીમ વિસ્તાર, રાજવા પ્રાથમિક શાળા, સોજીત્રા રોડ વિસ્તાર, મહાવીર સોસાયટી, સિતારામ રાઈસ મિલ, ઓમ શાંતિ ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય
	૧૩૩	૧૦૩	૦૦	૧૦૭૧	૧ થી ૧૯૪	ટાઢા હનુમાન મંદિર, બળિયાદેવ મંદિર, શિવ હાઉસિંગ સોસાયટી, ઈન્દિરા આવાસ, બિલાલ નગર, પોલીસ ક્વાર્ટર્સ, મહમંદી સોસાયટી, આસિયાના સોસાયટી, મામલતદાર કચેરી,
	૧૩૪	૦૦	૦૦	૧૦૯૯	૧ થી ૨૬૨	ઈન્દિરા કોલોની વિસ્તાર, હોટલ ભવાની, હોટલ મુરલીધર, નહેર વિસ્તાર

વોર્ડ નં.૨ની હદનું વર્ણન.

સર્વે નં.૨૭૪ના ઈશાન ખૂણાથી થઇ પૂર્વ દિશા તરફ આવેલ સર્વે ૨૬૮ થઈ કેનાલ થઈ પૂર્વ દિશા તરફ સર્વે નં.૨૬૭ થી પૂર્વ દિશા તરફ આવેલ રેવન્યુ સર્વે નં.૨૬૨, ૨૬૧, ૨૬૦, ૨૫૯, ૨૫૫, ૨૫૪, થી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં.૨૫૩, ૨૫૨, ૨૫૧ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૩૨, ૨૩૧, ૨૧૪ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ સર્વે નં. ૨૧૩ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર ૨૦૬, ૨૦૫ થી પૂર્વ દિશા તરફ સર્વે નં. ૧૮૮ થી પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં.૧૮૬, ૧૮૦, ૧૪૦, ૧૩૯ના શેઢે શેઢે થઈ પૂર્વ દિશા તરફ સર્વે નં ૧૩૭, ૧૩૬, ૧૧૦ થી પૂર્વ દિશા તરફ સર્વે નં૧૦૯/૨ થી નેરિયા રસ્તે થઈ પૂર્વ દિશા તરફ સર્વે નં. ૨૯૯૨ થી પૂર્વ દિશા તરફ સર્વેન ૨૯૯૧, ૨૯૯૦, ૨૯૮૮, ૨૯૮૭, ૨૯૮૬, ૨૯૮૫, ૨૯૭૭ થી નેરિયા રસ્તે થઈ ઈસાન ખૂણા તરફ આવેલ સર્વે નં. ૨૯૬૨ થી પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં. ૨૯૬૧ થી પૂર્વ દિશા તરફ આવેલ દક્ષિણ દિશા સર્વે નં. ૨૯૫૪ થી દક્ષીણ દિશા તરફ થી પૂર્વ દિશા તરફ સર્વે નં. ૨૯૫૩ થી પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં ૨૯૫૧ થી મોજે.પલોલ ના સીમાડે સીમાડે દક્ષિણ દિશા તરફ રેવન્યુ સર્વે નંબર ૨૯૫૨ થી સોજીત્રા તરફ જવાના રસ્તે થઇ દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૯૪૭ થી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે ને ૨૯૪૨ ની પલોલ ના સીમાડા તરફની ધારે ધારે થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૯૩૭ના નૈઋત્ય ખૂણા આવેલ સર્વે નં.૨૯૩૮, ૨૯૩૯ ના અગ્નિ ખૂણાથી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૯૩૩ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૯૧૦ના ખૂણે થી પૂર્વ દિશા તરફ સર્વે ન.૨૯૦૯ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૯૦૭, ૨૯૦૨, ૨૯૦૪, ૨૮૩૭, ૨૮૩૮, ૨૮૩૯ થઈ દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે ન ૨૮૩૩, ૨૮૩૧ થઇ દક્ષિણ દિશા તરફ પલોલના સીમાડે સીમાડે આવેલ સર્વે ન ૨૮૨૮ થી નેરિયા રસ્તે થી

પૂર્વ દિશા તરફ સર્વે નં ૨૭૫૦ ના સીમાડા તરફના ખૂણે થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૭૫૧ ના શેઢે થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૨૭૪૫ થી ૨૭૪૬ થી આવેલ સર્વે ન ૨૭૪૪/પૈકી/૨ તથા ૨૭૪૪/પૈકીન ના શેઢે શેઢે નેરીયા રસ્તે થી સર્વે ન ૨૭૪૦ થી સર્વે નં ૨૭૩૮ થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નં.૨૭૩૩ થી નેરીયા રસ્તે થઈ પૂર્વ દિશા તરફ સર્વે નં ૨૭૩૭ પૈકી થી ૨૭૩૫ પૂર્વ દિશા તરફથી નેરિયા રસ્તે થી સર્વે ન ૨૬૭૩, ૨૬૭૨ થી દક્ષિણ દિશા તરફ મોજે.પલોલ ના સીમાડે સીમાડે સર્વે નં ૨૬૬૮, ૨૬૬૫, ૨૬૫૭, ૨૬૪૯ થી ૨૬૫૨ ના સીમાડા તરફના શેઢે પૂર્વ દિશા તરફ સર્વે નંબર ૨૬૨૪ થઈ ૨૬૨૩ થી દક્ષિણ દિશા થઈ પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં ૨૬૨૨, ૨૬૨૧, ૨૬૨૦ થી સર્વે નં.૨૬૧૯, ૨૬૧૭, ૨૬૧૮ થી સર્વે નં.૨૬૧૫ થી પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં. ૨૬૧૪ થી તારાપુર વાસદ હાઈવે થી ઉત્તર દિશા તરફ હાઈવે ની ધારે ધારે થઈ સર્વે નં. ૨૭૦૦ ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ દિશા તરફ આવેલ નેરીયા રાસ્તાની ધારે ધારે સર્વે નં.૨૭૦૧/૧ ના નૈઋત્ય ખૂણા થઈ ઉતર દિશા તરફ નેરીયા રસ્તાની ધારે ધારે સર્વે નં ૨૭૦૨ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સર્વે નં.૨૭૭૦/પૈકી થી ઉતર- પશ્ચિમ તરફ આવેલ સર્વે નં.૨૭૭૧ થી ઉતર તરફ પશ્ચિમ દિશા આવેલ સર્વે નં.૨૭૭૮, ૨૭૮૦, ૨૭૮૧ ના વાયવ્ય ખૂણાથી ઉત્તર દિશા તરફ સર્વે નં. ૨૮૦૦ની દક્ષિણ ધાર ને સંમાતર થઈ સર્વે નં. ૩૦૫૩ના અગ્નિ ખૂણાથી દક્ષિણ-પશ્ચિમ દિશા તરફ મામલતદાર કચેરી થઈ આવેલ સર્વે નં. ૩૦૫૪ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આવેલ સર્વે નં. ૩૦૫૫ પોલીસ ક્વોટર્સ થઇ ઉત્તર તરફ સર્વે નં.૩૦૫૬ ના વાયવ્ય ખૂણા પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં. ૩૦૪૯ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ સર્વે નં. ૩૦૪૮ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નં.૩૬ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ તારાપુર વાસદ હાઈવેની સામેની બાજુ આવેલ સર્વે નં. ૩૭ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સર્વે નં.૪૫ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સર્વે નં. ૪૮ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ નેરીયા રસ્તાની પેલે પાર સર્વે નં. ૫૦ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આવેલ સર્વે નં. ૫૨ના વાયવ્ય ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નં.૬૩/૧ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આવેલ સર્વે નં. ૬૬ થી પશ્ચિમ તરફ સર્વે નં. ૬૭ થઈ સર્વે નં.૬૭ ના વાયવ્ય ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નં. ૮૪, ૮૩, ૮૨, ૮૦ થી નેરીયા રસ્તે થઈ પશ્ચિમ તરફ સર્વે નં. ૪૩૮ ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ તારાપુર વાસદ હાઈવેની સામેની બાજુ સર્વે નં. ૪૩૯ મહાવીર નગર સોસાયટી થઈ સર્વે નં. ૪૫૧ થી ઉત્તર તરફ તારાપુર વાસદ હાઈવે ને સમાંતર પશ્ચિમ દિશા તરફ મોટી ચોકડી સુધી સર્વે નં. ૪૭૪ થી ઉત્તર તરફ આવેલ ખેડા-તારાપુર હાઈવે ને સમાંતર પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં. ૪૭૬, ૪૭૭/પૈકી, ૩૯૨, ૩૬૬/પૈકી થી ઉત્તર તરફ આવેલ સર્વે નં. ૩૬૭, ૩૬૧, ૩૪૩, ૩૩૭, ૩૧૩, ૩૧૪, ૩૦૭, ૩૦૬ થી ઉત્તર દિશા તરફ આવેલ સર્વે નં. ૨૯૦/પૈકી, ૨૭૬, ૨૭૪ના ઈશાન ખૂણા સુધીનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૧૮	૩૩	૦૭	૧૦૯૨	૧ થી ૨૨૯	નાનો બારોટવાડો, કુમારશાળા પાછળ, ટેકરી ફળીયું, ભાથીજી ફળીયું, મોટું ફળીયું, વાલ્મિકી વાસ (ગણેશનગર સો.)
	૧૧૯	૧૧૫	૦૦	૭૪૬	૧ થી ૨૧૧	રોહિત વાસ, પોલીસ લાઈન, પોલીસ લાઈન બહારના છાપરા, વાલાભાઈની ખડકી પાછળ, બારોટની ખડકી, વિરોલા ફળી
	૧૨૦	૧૨૭	૦૦	૪૦૯	૧ થી ૧૦૫	લીમડી ચોક વિસ્તાર
	૧૨૧	૦૦	૦૦	૫૯૪	૧ થી ૧૩૨	નાનો વણકરવાસ, મદની ચોક, મોલવી ફળીયું
	૧૨૨	૦૦	૦૦	૪૫૨	૧ થી ૧૩૫	ભીમનાથ મહાદેવ, જૈન દેરાસર, ભુટ ભવાની મંદીર, નેપાળા ફળીયું, વિરોલા ફળિયું, ધોબી ફળીયું

વોર્ડ નં.૩ની હદનું વર્ણન.

ગામતળની પાસે આવેલ રેવન્યુ સર્વે નંબર ૨ના નૈઋત્ય ખૂણાની દક્ષિણ ધારે પૂર્વ તરફ આવેલ નાનો વણકરવાસ થઈ મદની ચોક, મૌલવી ફળિયું વિરોલા ફળી થઈ વાલાભાઈની ખડકીથી અગ્નિ ખૂણા તરફ ઉતર તરફ આવેલ સર્વે નં.૨૭૯૭, ૨૭૯૮ થી રોહિત વાસ થી અગ્નિ ખૂણા તરફ

આવેલ સર્વે નંબર ૨૭૯૯ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર ૨૭૯૫ થી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર ૨૭૯૩, ૨૭૮૩ ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ આવેલ સર્વે નંબર ૨૭૮૨, ૨૭૭૬, ૨૭૭૫ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર ૨૭૭૩, ૨૭૭૨ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આવેલ નેરિયો રસ્તો પાર કરી સર્વે નંબર ૨૫૧૮ ના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2519, 2520, 2521, 2574, 2575, 2579 થઈ અગ્નિ ખૂણાથી તારાપુર વાસદ હાઈવેને સમાંતર દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નંબર 2583, 2597, 2596, 2594, 2603, 2604, 2614ની દક્ષિણ તરફ આવેલ કેનાલ ઓળંગીને આવેલ સર્વે નંબર 2394 ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2385 ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર 2380 થી પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2378 થી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર 2377, 2376 2375, 2373 ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2370 ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નંબર 2355 2356 ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નંબર 2357 ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આવેલ સર્વે નંબર 2352, 2331, 2332, 2326 ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આવેલ સર્વે નંબર 2336, 2337, 2338 ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આવેલ સર્વે નંબર 2306 થી નેરીયા રસ્તે ની ધારે ધારે પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2432, 2433, 2441 થી ઉત્તર તરફ આવેલ સર્વે નંબર 2447, 2448 થી ઉત્તર તરફ નિરીયા રસ્તાની ધારે ધારે પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2449, 2450, 2465, 2466 થી ઉત્તર તરફ કેનાલ ઓળંગી નેરીયા રસ્તાની ધારે ધારે પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2467, 2485, 2486, 2487, 2489, 2490 થી ઉત્તર તરફ નેરીયા રસ્તાની ધારે ધારે પૂર્વ તરફ આવેલ સર્વે નંબર 2500, 2506, 2507, 2508, 2509 તળાવની ધારે ધારે આવેલ નેરીયા રસ્તાની ધારે ધારે ઉત્તર તરફ આવેલ બારોટ ફળી થઈ બુટ ભવાની મંદિર આ રસ્તાની ઉત્તર તરફ નેરીયા રસ્તાની ધારે ધારે આવેલ ભીમનાથ મહાદેવ, જૈન દેરાસર થી લીમડી ચોક થી સર્વે નંબર 2ના નૈઋત્ય ખૂણા સુધીનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૨૬	૦૦	૦૦	૬૪૮	૧ થી ૨૦૫	જલારામ સોસાયટી, ગાયત્રી નગર
	૧૨૭	૦૦	૮૬	૫૫૪	૧ થી ૧૩૭	જીવનધારા સોસાયટી-૧, જીવનધારા સોસાયટી-૨
	૧૨૮	૦૦	૦૦	૭૩૩	૧ થી ૧૬૮	ગોકુલ નગર, સ્વામિનારાયણ સોસાયટી, રણછોડરાય સોસાયટી, ઘનશ્યામ નગર સોસાયટી, એકતાનગર
	૧૩૨	૦૦	૦૦	૫૭૮	૧ થી ૯૦	સહાદત હોસ્પિટલ, ખાડો સોસાયટી, કિસ્મત કોલોની

વોર્ડ નં.૪ની હદનું વર્ણન.

તારાપુર વાસદ હાઈવેની પૂર્વ દિશા તરફ આવેલ રેવન્યુ સર્વે સર્વે નંબર ૭૯ના વાયવ્ય ખૂણાથી પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નંબર ૭૮ થી પૂર્વ દિશા તરફ થી સર્વે નં ૭૭ થી અગ્નિ ખૂણાથી દક્ષિણ દિશા થી સર્વે નં ૭૧ થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૭૨ ના અગ્નિ ખૂણાથી થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૫૩ થઈ સર્વે નં ૫૩ના અગ્નિ ખૂણા તરફ થી દક્ષિણ દિશા થી સર્વે નં ૪૨ના અગ્નિ ખૂણા તરફ થી પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં.૪૩ થી પૂર્વ દિશા તરફ આવેલ નેરીયા રસ્તાની સામેની તરફ સર્વે નં ૪૪ની ધારે સર્વે નં ૪૪ના અગ્નિ ખૂણાથી દક્ષિણ દિશા તરફ તારાપુર વાસદ હાઈવે પસાર કરી સર્વે નંબર ૩૮ના અગ્નિ ખૂણાથી સર્વે નં. ૩૪ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ સર્વે નં ૩૩ કિસ્મત કોલોની થઈ નેરીયા રસ્તાની ધારે ધારે નાના વણકર વાસ ની ઉત્તર તરફની ધારેથી નેઋત્ય ખૂણા તરફ સર્વે નંબર ૧, ૨, ૩, ૫ ની ધારે ધારે થઈ અગ્નિ ખૂણા તરફ દેવજી ફળિયા પાસેથી ગાયત્રી નગર સોસાયટી રણછોડરાય સોસાયટી થી નાની ચોકડી તરફ આવેલ સર્વે નંબર ૬ થી રસ્તે રસ્તે પશ્ચિમ તરફ થઈ સર્વે નંબર ૯, ૧૦, ૧૪, ૧૫ થી રસ્તાની ધારે ધારે થી ઉત્તર તરફ સર્વે નં. ૮૮૮ના દક્ષિણ દિશા તરફના શેઢે થઈ ઉત્તર દિશા તરફ આવેલ સર્વે નંબર ૮૭૮ થી વાયવ્ય ખૂણા તરફ સર્વે નં ૮૭૩ ના ઈશાન ખૂણા થઈ પૂર્વ તરફ આવેલ સર્વે નં. ૮૭૨ થઈ સર્વે નં. ૮૭૨ના ઈશાન તરફ થી પૂર્વ દિશા તરફ થી ઈશાન ખૂણા તરફ થી નેરીયા રસ્તાની સામેની તરફ પૂર્વ દિશા તરફ આવેલ સર્વે નં. ૪૫૦ થઈ પૂર્વ દિશા તરફ મહાવીર નગર તથા ઘનશ્યામ નગરની મધ્યમાં થઈ સર્વે નં ૪૪૨ થી ઈશાન ખૂણા તરફ સર્વે નં ૪૪૩ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ નેરીયા રસ્તાની ધારે ધારે તારાપુર વાસદ હાઈવે થઈ સર્વે નંબર ૭૯ના વાયવ્ય ખૂણા સુધી નો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૫.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૧૩	૧૬૩	૧૫	૮૬૭	૧ થી ૧૭૭	કસ્બા વિસ્તાર, રબારીવાસ, ચુનારા વાસ તથા ધર્મશાળા, પ્રજાપતિ નિવાસ
	૧૧૪	૧૨૪	૦૦	૪૭૧	૧ થી ૧૪૪	છીપવાડ, કાળકા માતાજીનું મંદીર, પંચાલ ફળીયું
	૧૧૫	૦૦	૦૦	૫૦૮	૧ થી ૧૨૯	વ્હોરવાડ, તકીયા
	૧૧૬	૦૦	૦૦	૩૯૩	૧ થી ૧૨૬	મોચી ફળીયું, મંદીર ફળીયું, સાંસેદા ખડકી, સુથાર ફળીયું, તલાટીની ખડકી, પાળજા ખડકી, દરવાજા ખડકી, આંટીયા ખડકી, રેવનદાસની ખડકી, ધર્મદાસની ખડકી
	૧૨૩	૧૩૩	૦૦	૮૭૯	૧ થી ૧૮૪	શાક માર્કેટ, રાવળવાસ, શિરોયા ફળી, વાળંદ ફળી, દેવજી ફળી, દિક્ષિત ફળીયું

વોર્ડ નં.૫ની હદનું વર્ણન.

મોટા તળાવની ધારે થી સર્વે નંબર ૬ની પૂર્વ તરફની ધારે ધારે થઈ ઈશાન ખૂણા તરફ દેવજી ફળી તથા ઈશાન ખૂણે થી પૂર્વ દિશા તરફ સર્વે નં ૩ ની દક્ષિણ ધારે થઈ સર્વે નં. ૨ના નૈઋત્ય ખૂણાથી નાના વણકર વાસ તરફ જવાના રસ્તેથી દક્ષિણ દિશા તરફ રસ્તાની ધારે ધારે અગ્નિ ખૂણા તરફ દીક્ષિત ફળી થઈ લીમડી ચોક જવાના રસ્તાની ધારે ધારેથી દક્ષિણ દિશા તરફ રસ્તાની ધારે ધારે થઈ નૈઋત્ય ખૂણા તરફ રસ્તાની ધારે ધારે થઈ બુટ ભવાની માતા મંદિર પાસે રસ્તાની ધારે ધારે થઈ પૂર્વ દિશા તરફ રસ્તાની ધારે ધારે દરવાજા ખડકી પાસે થઈ ધર્મદાસની ખડકી પાસે થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નંબર ૨૫૦૯માં આવેલ તળાવના વાયવ્ય ખૂણાથી બારોટ વાડા, પરમાર ફળી, ગણેશ ફળી, ની ધારે ધારે થઈ વાયવ્ય ખૂણા તરફ પાળજા ખડકી જવાના રસ્તે થઈ સુથાર ફળી થઈ રબારીવાસ, ચુનારાવાસ, કસ્બા વિસ્તાર જવાના રસ્તે થઈ નેઋત્ય ખૂણાથી ઉત્તર દિશા તરફ તળાવની ધારે ધારે ઈશાન ખૂણા તરફ નગરપાલિકા પાસે થઈ તળાવની ધારે ધારેથી સર્વે નંબર ૬ના અગ્નિ ખૂણા સુધીનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસતી	અ.જ.જા. વસતી	કુલ વસતી	બ્લોકના વિસ્તારથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૧૦	૦૦	૦૦	૧૦૨૯	૧ થી ૨૮૮	રેલ્વેસ્ટેશન વિસ્તાર, સોમનાથ મહાદેવ, હાઈસ્કુલ, સરકારી દવાખાનું,
	૧૧૧	૭૬	૨૮	૮૩૪	૧ થી ૧૭૦	રમણભાઈનું જીન, બારોટવાડો, અમિન ખડકી, સાતઘરા, ગામડીયા ફળીયું
	૧૧૨	૦૦	૦૦	૬૮૮	૧ થી ૧૬૦	મોટો વાલ્મિક વાસ, ખ્રિસ્તી મોહલ્લો ચર્ચ પાસે, ઉડી ખડકી, પંડ્યા ફળી, શિરોયા ફળી
	૧૧૭	૪૨	૦૦	૬૪૩	૧ થી ૨૦૪	પરમાર ફળી, ગણેશ ફળી

વોર્ડ નં. ૬ની હદનું વર્ણન.

મોટા તળાવના અગ્નિ ખૂણાથી ઉત્તર તરફ તળાવની ધારે ધારે થી પૂર્વ દિશા તરફ પંડ્યા ફળી થી પૂર્વ દિશા તરફ ઊંડી ફળી થી પૂર્વ દિશા તરફ બારોટ વાડો ગણેશ ફળી થી અગ્નિ ખૂણા તરફ નેરીયા રસ્તાને સમાંતર આવેલ રેવન્યુ સર્વે નંબર ૨૦૨૬, ૨૦૨૭, ૨૦૨૮, ૨૦૪૦થી દક્ષિણ દિશા તરફ નેરીયા રસ્તાને સમાંતર આવેલ રેવન્યુ સર્વે નંબર. ૨૦૪૯, ૨૦૫૦, ૨૦૮૦, ૨૦૮૬, ૨૧૦૮, ૨૧૦૯થી દક્ષિણ દિશા તરફ કેનાલ પસાર કરી દક્ષિણ દિશા તરફ નેરીયા રસ્તાની ધારે ધારે પશ્ચિમ દિશા તરફના રેવન્યુ સર્વે નં.૨૧૬૩, ૨૧૬૪/પૈકીથી અગ્નિ ખૂણા તરફ સર્વે નં.૨૧૬૫ પાસે આવેલ નેરીયા રસ્તે રસ્તે થઈ અગ્નિ ખૂણા તરફ આવેલ સર્વે નં. ૨૧૬૬થી અગ્નિ ખૂણા તરફ સર્વે નંબર ૨૧૬૭ પાસેની નહેર ની ધારે ધારે અગ્નિ ખૂણાથી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં. ૨૧૮૭, ૨૨૯૬, ૨૨૯૭, ૨૨૯૮, ૨૨૯૯ થઈ દક્ષિણ દિશા તરફ સર્વે નં. ૨૩૦૮, ૨૩૦૯, ૨૩૧૦, ૨૩૧૧ થઈ રેલ્વે સ્ટેશન પાસે આવેલ રેવન્યુ સર્વે નંબર ૨૩૧૨ થી નૈઋત્ય ખૂણા તરફ થી દક્ષિણ દિશા તરફ થી સર્વે નંબર ૨૩૧૯ થઈ તેના નેઋત્ય ખૂણા તરફ આવેલ સર્વે નં. ૨૩૧૯/પૈકી થી ઉત્તર દિશા તરફ થી રેલ્વે સ્ટેશન થી રેવન્યુ સર્વે નંબર ૨૩૧૩ થી પશ્ચિમ દિશા તરફ સર્વે નં. ૨૩૧૪ રેલ્વે સ્ટેશન ની ધારે ધારે રેવન્યુ સર્વે નંબર ૨૨૭૧થી પશ્ચિમ દિશા તરફ રેવન્યુ સર્વે નંબર ૨૨૬૧ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં. ૨૨૬૧ પૈકી થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૨૭૬થી પૂર્વ દિશા તરફ સર્વે નં. ૨૨૭૫થી નેઋત્ય ખૂણા તરફ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૨૭૭ થી નેઋત્ય ખૂણા તરફ થી ઉત્તર દિશા તરફ થી પશ્ચિમ દિશા તરફ સર્વે નં ૨૨૫૬ના શેઢે થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૨૨૫૫ થી પશ્ચિમ દિશા તરફ થી મોજે-સંસેજ ના સીમાડે સીમાડે સર્વે નં ૨૨૫૧ના નૈઋત્ય ખૂણા થી પશ્ચિમ દિશા તરફ થી ઉત્તર દિશા તરફ થઈ સર્વે નં ૨૨૪૯ ની ધારે ધારે થઈ પશ્ચિમ દિશા તરફ સર્વે નં ૨૨૪૬, ૨૨૪૨ પૈકી થી દક્ષિણ દિશા તરફ થી નેઋત્ય ખૂણા તરફ આવેલ રેલ્વે ના પાટા ઓળંગી વાયવ્ય ખૂણા તરફ થી નૈઋત્ય ખૂણા તરફ થઈ સર્વે નંબર ૨૨૪૨ પૈકી ૧થી વાયવ્ય ખૂણા તરફ થી પશ્ચિમ દિશા તરફ સર્વે નંબર ૧૮૯૮થી પશ્ચિમ દિશા તરફ થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૮૯૩ના નૈઋત્ય ખૂણા થી દક્ષિણ દિશા તરફ સર્વે નં ૧૮૮૫ પૈકી થી નૈઋત્ય ખૂણા થી પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં.૧૮૮૬ થી પશ્ચિમ દિશા તરફ મોજે-સંસેજ ના સીમાડે સીમાડે આવેલ સર્વે નં. ૧૮૭૯, ૧૮૫૧, ૧૮૫૦થી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં. ૧૭૯૯, ૧૮૦૧ થી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં. ૧૭૯૭થી પશ્ચિમ દિશા તરફ આવેલ સર્વે નં. ૧૭૯૬, ૧૭૯૫ થઈ સર્વે નં ૧૭૯૪ પૈકીથી વાયવ્ય ખૂણા તરફ થી ઉત્તર પશ્ચિમ દિશા તરફ થી ઈશાન ખૂણા તરફ સર્વે નં. ૧૯૭૪, ૧૮૦૧, ૧૮૦૦, ૧૮૦૭, ૧૮૪૯, ૧૮૪૮, ૧૮૫૧ની પૂર્વ દિશાની ધારે ધારે નહેરને સમાંતર ઉત્તર દિશા તરફ આવેલ સર્વે નં. ૧૮૬૫, ૧૮૬૪, ૧૮૬૩, ૧૮૬૧, ૧૯૩૨, ૧૯૩૩, ૧૯૫૫, ૧૯૫૪ની પૂર્વ દિશા તરફની ધારેથી નહેરને સમાંતર ઉત્તર દિશા તરફ સર્વે નં. ૧૯૬૪ની પૂર્વ તરફની ધારેથી વાયવ્ય ખૂણાથી મુખ્ય કેનાલ ની સામેની તરફ સર્વે નં. ૧૯૫૨/પૈકી ના નૈઋત્ય ખૂણા થી ઉત્તર દિશા તરફ આવેલ નેરીયા રસ્તાની ધારે ધારે સર્વે નં. ૧૯૭૭, ૧૯૮૪, ૧૯૯૩ થઈ ઉત્તર દિશા તરફ સર્વે નં ૨૦૦૩, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮થી તળાવના અગ્નિ ખૂણાથી તળાવની ધારે ધારે ઉત્તર તરફ પંડ્યા ફળી ના શેઢે આવતો તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-નપા-તારાપુર-યુનીટ-૮-૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫નું બીડાણ

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

તારાપુર નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૧૭૯૯૪		
કુલ વોર્ડની સંખ્યા	૦૬		
વોર્ડ દીઠ સરેરાશ વસતી	૨૯૯૯	સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ :	૩૨૯૯
		સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ :	૨૬૯૯
બેઠકોની સંખ્યા	૨૪		
કુલ સ્ત્રી બેઠકો	૧૨		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી ૦ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૬	તે પૈકી ૦૩ બેઠકો પછાતવર્ગ સ્ત્રી	
કુલ અનામત બેઠકો	૧૬		
સામાન્ય બેઠકો	૦૮		

અ. નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૨૮૦૯	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૩૦૬૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૨૯૩	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૫૧૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૩૧૧૮	પછાતવર્ગ	સામાન્ય	અનુસુચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૧૯૪	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
કુલ		૧૭૯૯૪				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.29 08:42:15 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar